અંત્યત જરૂરી/સમયમર્યાદા

જાનં મક/આવિ/૨૦૧૮/૮૫૨
તકેદારી અધિકારીશ્રીની કચેરી
આદિજાતિ વિકાસ વડોદરા
કુબેર ભવન ૭મો માળ "આઈ" બ્લોક
રૂમ નં ૭૨૦, વડોદરા -૩૯૦૦૦૧
તારીખ : ૨/ ૫ /૨૦૧૮
ફોન નં ૦૨૬૫- ૨૪૨૨૨૬૩

પ્રતિ
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી
જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
અનાવિલ ભવન
કારેલીબાગ વડોદરા.

જિ.શિ.અ... કચેરી,વડોદરા
પત્રની નોંધણી નંબર ૨૫૦
તારીખ ૩/૫/૧૮
સહી..................
કચેરીની સહી..................

વિષય: વર્ષ ૨૦૧૭-૧૮ની અનુ. જનજાતીના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ ગુજરાત સરકારના ઓન લાઈન ડીજીટલ ગુજરાત પોર્ટલ પર કરવા બાબતનો પરિપત્ર આપની કચેરીની વેબ સાઈટ પર મુકવા બાબત.

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે વર્ષ ૨૦૧૭-૧૮થી અનુ. જનજાતીના વિદ્યાર્થીઓની સ્કોલરશીપ ગુજરાત સરકારના ઓન લાઈન ડીજીટલ ગુજરાત પોર્ટલથી ચુકવવાની કાર્યવાહી શરૂ થયેલ હતી. તેમા જે વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરેલ હતા અને આચાર્યશ્રી/ડીનશ્રી દ્વારા આ ઓનલાઈન ફોર્મ અત્રેની કચેરીને ફોરવર્ડ કરતા આ તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચુકવાઈ ગયેલ છે. પરંતુ કોઈક કારણસર વિદ્યાર્થીઓ દ્વારા કે આચાર્યશ્રીઓ દ્વારા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓના ફોર્મ ઓનલાઈન કરી શકેલ નથી, અથવા આચાર્યશ્રી/ડીનશ્રી દ્વારા શિષ્યવૃતિના ફોર્મ એપ્રવુડ કરવાના બાકી રહી ગયેલ હોય તેવા તમામને માટે સરકારશ્રી દ્વારા તા ૧/૫/૨૦૧૮ થી તા ૧૩/૫/૨૦૧૮ (દિન-૧૩)માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રીઓપન કરેલ હોઈ બાકી રહી ગયેલ તમામ વિદ્યાર્થીઓના સમય મર્યાદામાં ઓન લાઈન ફોર્મ ભરી, આચાર્યશ્રી દ્વારા ફોર્મ એપ્રવુડ કરી, શિષ્યવૃતિના ઓન લાઈન ફોર્મની હાર્ડ કોપી સહી/સિક્કા સાથે જરૂરી આધાર પુરાવા સહિત તાત્કાલિક અત્રેની કચેરીને મોકલી આપવા બાબતનો પરિપત્ર વડોદરા જિલ્લાની તમામ પ્રાથમિક/માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માહિતગાર થાય તે હેતુસર આપની કચેરીની વેબ સાઈટ પર મુકવા નમ્ર વિનંતી છે.

બિડાણ :-ઉપર મુજબનો પરીપત્ર

તકેદારી અધિકારી
આદિજાતિ વિકાસ
વડોદરા

૨૦૬૫૨

ક્રમાંક/ક/... /૨૦૧૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
તારીખ : ૪/૫/૨૦૧૮

પ્રતિ
આચાર્યશ્રી,
જિલ્લાની તમામ ગ્રાન્ટેડ મા/ઉ.માં શાળાઓ તથા ગ્રાન્ટેડ પ્રા. શાળાઓ (બિન ગ્રાન્ટેડ સહિત) તરફ જાણ માટે રવાના
તથા સરકારી